GJPM040002992024

**:: આંક–૧ હેઠળ હુકમ ::**

(૧) ફરીયાદી રમણભાઈ ખાતુભાઈ બારીઆ,રહે. પટેલ ફળીયુ, વેડ, તા.હાલોલ,જી.પંચમહાલ નાઓએ આરોપીઓ (૧) તખતભાઈ ખાતુભાઈ બારીઆ, (૨) જશવંતભાઈ તખતભાઈ બારીઆ,(૩)દિપકભાઈ જીવણસિંહ બારીઆ(૪)શારદાબેન તે જીવણસિંહ બારીઆની વિધવા (૫)અનસુચાબેન તે જીવણસિંહ બારીઆ ની દીકરી તમામ રહે. પટેલ ફળીયુ, વેડ, તા.હાલોલ, જી.પંચમહાલ નાઓની વિરુધ્ધ ઈ.પી.કો.ક.૧૪૩, ૧૪૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૫૦૭,૧૧૪ મુજબના ગુન્હા અન્વયેની ખાનગી ફરીયાદ અત્રેની અદાલતમાં તા. ૧૧/૦૮/૨૦૨૩ નારોજ દાખલ કરતા મારા પુરોગામી મેજીસ્ટ્રેટશ્રીએ સદર ફરીયાદ નુ કામ ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૧૦ અન્વયે સ્થગિત કરી પોલીસ તપાસનો રીપોર્ટ રજુ કરવા ઉપર કામ રાખેલ જે બાદ પોલીસે તા. ૮–૮–૨૯૨૫ નારોજ પોતાનો રીપોર્ટ આંક–૪ થી રજુ કરેલ છે અને તે બાદ સદર કામ સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવેલ તે બાદ સદર કામે ફરીયાદ પક્ષ ની દલીલો સાંભળવામાં આવી. આમ, સદર કામે રજુ થયેલ પોલીસ રીપોર્ટ, ફરીયાદ પક્ષ ની દલીલો તથા ફરીયાદી એ ફરીયાદ સાથે રજુ કરેલ આંક–૩ ના લીસ્ટ મુજબ ના દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઈ ધ્યાને લીધા.

(૨) ફરીયાદીની ફરીયાદ હકીકત જોતા મુખ્યત્વે આક્ષેપોમા ફરીયાદી મુળ વેડ ગામના રહીશ છે અને હાલ વડોદરા મુકામે રહે છે અને ફરીયાદી ખેતીકામ માટે તેમજ પ્રસંગોપાત વેડ ગામે આવે છે અને તે અન્વયે તા. ૨૩/૦૫/૨૦૨૩ નારોજ સાંજના સાડા છ એક વાગ્યાના સમયે ફરીયાદી

તેમના કુટુંબમા નરેન્દ્રભાઈ સરદારભાઈ ના દીકરાનુ લગ્ન હોઈ વેડ ગામે આવેલા અને પોતાના ઘરનો દરવાજો ખોલતા હતા તે સમયે આરોપી નં.ર નાએ ફરીયાદીને જણાવેલ કે તમો અહીંયા આવો અને મકાન નુ શુ કરવાનુ છે તેમ કહેતા ફરીયાદીએ પોતાના ઘરનો દરવાજો ખલી અંદર જતા આરોપીઓએ બહાર આવવાનુ જણાવતા બહાર જતા ફરીયાદી સાથે ખોટી તકરાર કરી ઉશ્કેરાઈ જઈ મા–બેન સમાણી ગાળો બોલવા લાગેલા અને જણાવવા લાગેલા કે અહીંયા તારુ કશુ નથી તારે અહીંયા આવવાનુ નથી જેથી ફરીયાદીએ જણાવેલ કે બાપ–દાદાની મિલ્કત છે અને મારા હીસ્સામા હું મકાન બનાવી રહુ છુ તમોને શું વાંધો છે તેમ કહેતા આરોપી નં.ર નાએ ફરીયાદીને બે–ત્રણ લાફા મારી ગડદા પાટુનો માર મારવા લાગેલા હોવાની તેમજ આરોપી નં.૩ નાઓએ ધકકો મારી નીચે પાડી દઈ આરોપી નં .૪,૫ નાએ રોડ ઉપર પડેલી હાલતમા ફરીયાદીને ઘસડવા લાગે ગડદાપાટુ નો માર મારવા લાગેલા હોવાની અને આરોપી નં.૧ મારો મારોની બુમો પાડી ઉશ્કેરણી કરી આજે તો પતાવી જ દેવાનો છે તેવી બુકણીઓ કરતા હોવાનો અને આરોપી નં.૩ નાએ લાત મારી રોડ ઉપર પાડી દીધેલ અને ખુબ જ માર મારેલ જેથી ફરીયાદીને ડાબા હાથની કોણીમા વાગેલ હોઈ લોહી નીકળવા લાગેલ અને તે બાદ તેમનો દીકરાને ફરીયાદીની પત્નિએ ફોન કરતા આવી જતા ફરીયાદીને હાલોલ રેફરલ હોસ્પિટલમા સારવાર માટે ગયેલા અને પોલીસ યાદી વગર સારવાર કરાવવા ગયેલ હોય ડોકટરશ્રીએ પોલીસ ફરીયાદ કરાવવા માટે એમ.એલ.સી. નં. પ૯૩ થી યાદી આપેલ તે બાદ આરોપીઓને ફરીયાદીએ પોલીસ ફરીયાદ કરી હોવાની જાણ થતા આરોપીઓ મા–બેન સમાણી બીભત્સ ગાળો બોલી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને તે બાદ ફરીયાદીને શીવરાજપુર પોલીસ સ્ટેશનમા બેસાડી બળજબરીથી સમાધાન કરાવેલ હોવાનો અને તે

બાબતે તા. ૨૪–૫–૨૦૨૩ નારોજ લેખિતમા પાવાગઢ પોલીસ સ્ટેશને ફરીયાદ આપી હતી તેમજ તા. ૨૬–૦૬–૨૦૨૩ નારોજ ડી.એસ.પી. શ્રી પંચમહાલને રજી.પો.એ.ડી.થી ફરીયાદ લેખિતમા મોકલેલી તેમ છતા પોલીસે ફરીયાદ ઉપર કોઈ ધ્યાન આપેલ ન હોઈ હાલની ફરીયાદ કરવાનુ કારણ ઉત્પન્ન થયુ હોવાની હકીકત જણાવેલી છે.

ફરીયાદ સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા ફરીયાદીએ પાવાગઢ પોલીસ સ્ટેશન ને તા. ૨૪–૫–૨૩ નારોજ લેખિત ફરીયાદ આપી હોવાની તથા મેડીકલ ઓફીસરે તા. ૨૪–૫–૨૩ નારોજ પોલીસ યાદી આપી હોવાની તથા ફરીયાદીએ તે બાબતે એક માસ બાદ તારીખ : ૨૩–૬–૨૦૨૩ ના રોજ ડી.એસ.પી.શ્રી ગોધરાને લેખિતમા ફરીયાદ આપી હોવાની હકીકત જણાઈ આવે છે.

(૩) હવે ઉપરોકત હકીકતો અનુસંધાને રજુ થયેલ આંક–૪ નો પોલીસ રીપોર્ટ જોઈએ તો,ફરીયાદીએ આરોપીઓ સામે તા. ૩૦–૬–૨૩ નારોજ ડી.એસ.પી.શ્રી પંચમહાલને સંબોધીને અરજી કરેલ હોય જે અરજી પાવાગઢ પોલીસ સ્ટેશને આવતા પાવાગઢ પોલીસ સ્ટેશન ખાતે સદર અરજી નં. પર/એ/૨૦૨૩ થી નોંધી આગળની તપાસ કરતા અરજદાર નુ નિવેદન લેતા અરજદારે જણાવેલ કે સામાવાળાઓ મારા ભાઈ/ભાભી/ભત્રીજાઓ થાય છે. જેઓ સુરત ખાતે રહે છે અને કયારેક પ્રસંગોપાત ઘરે આવે ત્યારે પોતાની સાથે બોલાચાલી ઝગડો તકરાર કરતા હોય જેથી અરજદારે તા. ૨૪–૦૫–૨૦૨૩ નારોજ અરજી કરેલ હતી જે તે વખતે કોઈ ફરીયાદ કરાવેલ નહિ તે પછી તા. ૦૬–૦૬–૨૦૨૩ નારોજ અરજદાર તથા સામાવાળાઓને બોલાવી અરજદાર ને પુછપરછ કરતા આ બાબતે કોઈ ફરીથી ઝગડો તકરાર થયેલ નહિ જે બાબતે ગામના આગેવાનો પણ હાજર હોય જેથી અરજદાર તથા સામાવાળાએ એકબીજા સાથે આગેવાનોની

હાજરીમા મૌખિક સમાધાન કરેલ તેમ છતા પાવાગઢ પોલીસ સ્ટેશન તરફથી ચે.કે.નં.૧૭૨ થી ૧૭૪ સી.આર.પી.સી. કલમ–૧૦૭,૧૫૧,૧૧૬(૩) મુજબ સામાવાળાઓ સામે અટકાયતી પગલા લેવામા આવેલ તેમજ તે પછી હાલ સુધી અરજદાર–સામાવાળાઓને ફરીથી કોઈપણ પ્રકારનો ઝગડો કે બોલાચાલી તકરાર થયેલ નથી કે અરજદાર પોતે ફરીયાદ કરવા આવેલ નથી તેમ જણાવી  અરજદાર ની અરજીની નકલ તથા જવાબ તથા અરજદારની અરજીના રીપોર્ટની નકલ તથા લીધેલ અ.પ.ચે.કેસ ની નકલ  સાથે પોતાનો રીપોર્ટ રજુ કરેલ છે.

(૪) આમ, રજુ થયેલ પોલીસ રીપોર્ટ જોતા તથા ફરીયાદીનુ તે કામે લેવામા આવેલ નિવેદન જોતા પક્ષકારો એક ઘરના સભ્યો છે અને ફરીયાદી વડોદરા મુકામે રહે છે અને સામાવાળાઓ સુરત મુકામે રહે છે અને ફરીયાદીની ફરીયાદ હકીકત જોતા બાપદાદાની મિલ્કત ઘર માટે તેમની વચ્ચે કોઈ તકરાર હોય તેવુ જણાઈ આવે છે પરંતુ તે સંદર્ભે ફરીયાદી સીવીલ કોર્ટમા તેવી મિલ્કતો બાબતે દાવો દાખલ કરી નિરાકરણ લાવી શકે તેમ હોવાનુ જણાઈ આવે છે. હાલના કામે ફરીયાદીની ફરીયાદ અન્વયે પક્ષકારો વચ્ચે ગામના આગેવાનોની હાજરીમા મૌખિક સમાધાન થયેલ હોવાનુ પણ જણાઈ આવે છે અને તેમ છતા તે બાદ પોલીસે સામાવાળાઓ ભવિષ્યમા કોઈ કોગ્નીઝેબલ ગુન્હો ન કરી બેસે તે માટે આરોપીઓ સામે ચેપ્ટર કેસ દાખલ કરી અટકાયતી પગલા ભરેલા હોવાનુ તેમજ તે બાદ પક્ષકારો વચ્ચે કોઈ ઝગડો તકરાર થયેલ ન હોવાનુ તેમજ ફરીયાદી પણ તેવી બાબતે કોઈ ફરીયાદ કરવા ગયેલ નહિ હોવાનુ મળી આવતુ હોઈ હવે ફરીયાદી અરજદારની ફરીયાદ સબંધે સામાવાળાઓ સામે ચેપ્ટર કેસ દાખલ કરી અટકાયતી પગલા ભરવામા આવેલા હોય અને તે બાદ પક્ષકારો વચ્ચે કોઈ બનાવ બનેલ નહિ હોવાનુ કે ફરીયાદી

આરોપીઓની ધમકી કે ભય હેઠળ જીવી રહયા હોવાનુ કે પોતાના ગામમા આવી જઈ શકતા નહી હોવાનુ મળી આવતુ ન હોઈ પક્ષકારો એક ઘરના સભ્યો હોય ઉદભવેલ તકરાર સબંધે પોલીસે સામાવાળાઓ સામે ચેપ્ટર કેસ દાખલ કરી અટકાયતી પગલા ભરેલા હોઈ અને તે બાદ કોઈ બનાવ બનવા પામેલ ન હોય ત્યારે એકજ ગુન્હા સબંધી ફરીથી સામાવાળાઓ સામે ફરીયાદીની હાલની ફરીયાદ સંદર્ભે આરોપીઓ સામે ફરીયાદમા જણાવ્યા મુજબના કરેલ ગુન્હાઓના આક્ષેપો સંદર્ભેના પ્રોસેસ ઈસ્યુ કરવા યોગ્ય જણાઈ આવતુ નથી. હાલના કામે ફરીયાદી દ્વારા તા.૨૪/૦૫/૨૦૨૪ નારોજ પાવાગઢ પોલીસ સ્ટેશનમાં જે અરજી કરેલ છે તે વંચાણે લેતાં હાલની ફરીયાદમાં ફરીયાદીએ દરેક આરોપીએ કરેલ કુત્ય સ્પષ્ટપણે તે અરજીમાં જણાવેલ નથી તથા તે અરજીના કામે ફરીયાદી દ્વારા ખુદ સામાવાળાઓ સામે અટકાયતી ધોરણે કાયદેસર કાર્યવાહી કરવા અરજ કરેલ હોય જે જે અનુસંધાને પોલીસ દ્વારા આરોપીઓ સામે ચેપ્ટર કેસ કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદીએ પોલીસ દ્વારા બળજબરીપુર્વક સમાધાન કરવુ ન હોવા છતા કોરા કાગળો ઉપર તેમની સહી મેળવી લીધેલ હોવાની હકીકત હાલના કામે જણાવેલ છે, પરંતુ ફરીયાદીનુ અરજીના કામે તા.૦૯/૦૭/૨૦૨૩ નારોજ લીધેલ નિવેદનના આધારે પોલીસ દ્વારા યોગ્ય કાર્યવાહી કરી ફરીયાદીની અરજી લગત વધુ કોઈ કાર્યવાહી કરેલ નથી તેવુ રેકર્ડ પરથી જણાઈ આવે છે અને હાલના ફરીયાદી દ્વારા સદર ફરીયાદ લાંબા સમય બાદ કરેલ છે. વધુમાં ફરીયાદ હકીકત જોતા પણ પક્ષકારો વચ્ચે મિલ્કત બાબતેની તકરાર હોવાનુ જણાઈ આવે છે તે સં જોગોમા જો તેવી કોઈ તકરાર હોય તો ફરીયાદી સીવીલ રાહે પણ આરોપીઓ સામે પગલા ભરી શકે તેમ હોઈ તથા ફરીયાદી દ્વારા સીવીલ તકરારને ક્રિમીનલ તકરાર ના ઓઠા હેઠળ નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરેલ હોય ફરીયાદીની હાલની ફરીયાદ સંદર્ભે સામાવાળાઓ સામે ફરીયાદમા જણાવ્યા મુજબના ગુન્હા સબબના પ્રોસેસો ઈસ્યુ કરવા યોગ્ય જણાઈ આવતુ ન હોઈ નીચે મુજબ નો હુકમ કરવામા આવે છે.

**:: હુકમ ::**

– ફરીયાદની હાલની ફરીયાદ ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૦૩ મુજબ કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ નો હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ:–હાલોલ
તારીખ : ૧૮ /૦૫ /૨૦૨૬

**(જેનીફર કાંતીલાલ ક્રિશ્ચિયન )**
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
હાલોલ.
કોડ નં. જીજે–૦૧૧૦૭

એન.એમ.વાળંદ.